





ચૂંટણી ફંડ આપી, રાહતના વાયદા કરાવે છે,
ફંડ લેનારા પણ, સરકારી ફાયદા કરાવે છે,
ચૂસી લે છે તિજોરી ટેન્ડર વિના જ લાભ લઈને-
થઈ જાય ખાલી તબેલા પછી કાયદા કરાવે છે..
(સમસ્યાની આગ લાગે પછી કાયદાના કૂવા)




હવે હદ થૈ
વાઢી જાય છે નાક-
નક્ષલો પણ..
(ચીન-નાપાક જેમ)

ઘરમાં લાશ,
ને ફરે લગ્ન ફેરા!
બોમ્બે-ચેન્નાઈ..
(ફાઈનલ મેચ)

## ચિંતન

**રવિરપિ ન દહતિ તાદગ્યાદકસંદહતિ બાલુકાનિકરઃ ।**
**અન્યસ્માલબ્ધપદો નીચોઃ પ્રાયેણ દુઃસહો ભવાત ॥**

'સૂરજના તાપથી તપેલી રેતી જેટલી દઝાડે છે તેટલો સૂર્યનો તાપ બાળતો નથી-એવી જ રીતે બીજાને લીધે મોટું પદ પામેલો હલકો માણસ તેના માલિક-શેઠ-અધિકારી કરતાં પણ અત્યંત રોફ મારતાં અસહ્ય બની જાય છે.'

આપણે ત્યાં ઉકિત છે 'ચા કરતાં કીટલી ગરમ'-અસંસ્કારી અને દુર્જન-નીચ સ્વભાવના લોકો લાયકાત વિના ઉચ્ચ પદની પ્રાપ્તિ કરી લે કોઈ પ્રધાન કે અધિકારીના અંગત સચિવ બની જાય કે કોઈ સંત-મહાત્માના 'પટ્ટ શિષ્ય' બની જાય ત્યારે એમનો રૂઆબ મુખ્ય વ્યકિત કરતાં પણ અનેક ગણો વધી જાય છે. જેમ કે પ્રધાનશ્રી ચેમ્બરમાં બગાસાં ખાતા બેઠા હોય છતાં તેમના જિલ્લામાંથી અચાનક કોઈ મળવા આવે ત્યારે તેના મદદનીશ 'સમય લઈને-ફોન કરીને કેમ નથી આવ્યા?' સાહેબ નહીં મળી શકે-'મિટીંગમાં છે!' હમણાં જ બહાર જવાના છે કહી મળવા દેતા નથી-

એવી રીતે સંતોને 'ભગવાન' બનાવી પોતાનું મહ્‌ત્વ વધારનાર પટ્ટશિષ્યોનું છે. મૂળ સંતના દર્શન કરવા માટે શિષ્યોની 'પૂજા' પ્રથમ કરવી પડે.

અસંસ્કારી-નીચ લોકો અચાનક મળી ગયેલી સત્તા-પદનો ભાર સહન નથી કરી શકતા.

## સુવિચાર

- જે માણસ સ્વામિ બનવાની ઉતાવળ કરે છે તેની ગુલામ બનવાની શકયતાઓ વધી જાય છે **- સંત ફ્રાન્સીસ**
- મહાન પુરૂષોમાં સંકલ્પ હોય છે, સાધારણ લોકોમાં ઈચ્છાઓ હોય છે **- ચીની કહેવત**
- તમે પ્રતિષ્ઠાને લાયક બનો અને પ્રતિષ્ઠા તમને ન મળે તો તે ચાલશે, પણ પ્રતિષ્ઠાને પાત્ર બન્યા વિના જ પ્રતિષ્ઠા મળે તો તે નુકશાનકારક નીવડે છે **- સ્પેનીશ કહેવત**
- કોઈ પણ માણસ ઈચ્છે તો પણ સદ્‌ગુણોનો સર્વ સંગ્રહ બની શકતો નથી અને કોઈ પણ માણસ ગમે તેટલો બેફામ બને તો પણ દુર્ગુણોનો સર્વ કોશ પણ બની શકતો નથી **- ભૂપત વડોદરિયા**
- દરેક વ્યકિતએ પોતાનામાં જે કોઈ શકિત હોય તેનો સદઉપયોગ કરવો જોઈએ નહીં તો તે વિઘ્ન બની જાય **- ટોલ્સ્ટોઈ**
- પરમાત્માને હૃદય દ્વારા જાણવામાં આવે છે, સત્યને હૃદય દ્વારા અનુભવવામાં આવે છે, પ્રેમને હૃદય દ્વારા જીવવામાં આવે છે, જે કંઈ મહાન છે તે હૃદય દ્વારા સંભવે છે **- રોબીન શર્મા**

## બોધ કથા

આજે સમાજમાં નાગરિકોની મૂલ્ય નિષ્ઠામાં કમી આવી છે. સામાજિક ચારિત્ર્યના ચીંથરાં ઉડે છે, છેતરપીંડી અપહરણ, લૂંટ, છીનવી લેવું તદ્દન સ્વાભાવિક થઈ ગયું છે એનું મુખ્ય કારણ શિક્ષણ-સંસ્કારમાં 'નેગેટીવ' થિકીંગની માત્રા-પ્રચાર વધ્યાં છે શું કરવું તેને બદલે શું ન કરવું ના આદેશ-કાયદા વધારે થાય છે.

એક કંપનીના ચેરમેનને બધા બોર્ડ ઓફ ડિરેકટર્સની મિટીંગ બોલાવી અને સૂચના આપી કે કંપનીની પ્રગતિ અને વિકાસ માટેના બે સૂચન ફરજીયાત બધા ડિરેકટર એક બંધ કવરમાં લખી આપે... બીજી મીટીંગમાં ચર્ચા કરીશું..

બીજી મીટીંગ મળી-ચેરમેને ફરી સૂચના આપી કે કંપનીને નૂકશાન થાય, બદનામ થાય, બંધ કરવી પડે એવાં સૂચનો પણ એક બંધ કવરમાં લખી આપો-પછી ત્રીજી મિટીંગમાં બંને પ્રકારના સૂચનોનીચર્ચા કરીશું.

ત્રીજી મિટીંગમાં ચેરમેને જાહેરાત કરી પ્રગતિ અને વિકાસના સૂચનોનાં કરતાં કંપની ખાડામાં ઉતરે ના ભાંગફોડિયાં સૂચન વધારે અસરકારક અને સારાં છે.

હંમેશાં નકારાત્મક વિચાર અને આચરણનો પ્રભાવ સમાજ પર વધારે પડતો હોય છે.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# ખંડિત થઈ ગયેલા દિલને જોડવાનું સોલ્યુશન આજ સુધી કોઈ વૈજ્ઞાનિક શોધી શકયો નથી, પણ સૌની ક્ષમાપના માંગી શશીકાંતભાઈએ સૌના દિલ જીતી લીધા હતા

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

### સૌને પ્રિય, સૌનાં વ્હાલાં, સૌના ભેરું ઋજુ દિલના શ્રી શશીકાંતભાઈ ત્રિવેદી



વેદમાં પ્રાર્થના છે, 'હું સૌને મિત્રની દૃષ્ટિએ જોઉં. સૌ મને મિત્રની નજરે જુએ. જગત અને હું, અમે બંને પરસ્પર મૈત્રી ભાવથી જોઈએ.' આવા જ ઉમદા વિચારોના વ્યક્તિત્ત્વનું નામ છે શ્રી શશીકાન્તભાઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી. ગરવા ગોંડલ ગામે તા. ૩૦-૪-૧૯૫૦ના દિવસે માતા સરસ્વતી બેનની કુખે અવતરેલા આ સપૂત વસુંધરાનેય મળ્યા. મેટ્રિક સુધી ભણેલા શ્રી શશીકાન્તભાઈ મુઠ્ઠી ઉંચેરાં માણસ બની રહ્યા છે. વર્ષ ૧૯૭૧માં સરકારી નોકરીનો પ્રારંભ કર્યો તે પહેલા કેટકેટલાય સંઘર્ષો સામે તેઓ ઝઝૂમ્યા છે અને અનેક તડકી છાયડી વેઠી છે. નોકરીની પ્રાપ્તિ પછી બે વર્ષના સમયગાળા પછી તરત જ તેઓ તેમની પ્રકૃતિને મળતા, ખરાં જીવનસંગિની ઉર્મિલાબેન સાથે ગૃહસ્થી આરંભી.

નોકરીમાં જૂનાગઢ પાસેના મધ્યગિરના ઉના ગામથી નજીક જસાધાર ખાતે છ માસ માટે મુખ્ય મથકમાં ફરજ બજાવવાનો ઓર્ડર મળ્યો હતો. શ્રી શશીકાન્તભાઈ માંદા પડી ગયેલા. એ સમયના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીએ સંભાળ લેવા તેમના ધર્મપત્નિને મોકલ્યા હતા. તે ઘટનાને શશીકાન્તભાઈ ભૂલ્યા નહોતા. પછી તો વય મર્યાદાને કારણે તા. ૨૨-૪-૨૦૦૮માં નિવૃત્ત થયા. તે વિદાય શુભેચ્છા કાર્યક્રમનું સંચાલન કરવાનું સૌભાગ્ય મને મળ્યું હતું. પરિવાર, મિત્રો, સ્નેહી-સગાં અને વ્હાલાંઓની વિશાળ હાજરીમાં કાર્યક્રમ યાદગાર બની ગયો હતો. શશીકાન્તભાઈ ત્રિવેદીએ કહ્યું હતું કે, દિલની સાથે કયારેક કટુ વચનનો પાષણ ટકરાય છે ત્યારે માસુમ દિલ ખંડ ખંડમાં વિસરાય છે. ખંડિત થઈ ગયેલા દિલને જોડવાનું સોલ્યુશન આજ સુધી કોઈ વૈજ્ઞાનિક શોધી શકયો નથી. પણ સૌની ક્ષમાપના માંગી શશીકાંતભાઈએ સૌના દિલ જીતી લીધા હતા. નિવૃત્તિ પછી સામાજિક તથા ધાર્મિક પ્રવૃત્તિનો વ્યાપ તેમણે ખૂબ વધાર્યો હતો. શાસ્ત્રીય સંગીત, ભજનો જાણવા-માણવાનું તેમને ઘેલું હતું.

તેમના ધર્મપત્ની ઉર્મિલાબેન તા. ૩૧-૧૦-૨૦૧૦ના રોજ શિક્ષણ પદેથી નિવૃત થયા. સરસ્વતી માતાના પૂજારી- સમા આ દંપતીએ જ્ઞાન, સ્નેહ અને સંબંધના દ્વિપક્ષી ખરા અર્થમાં મા સરસ્વતીની આરતી ઉતારી હતી. ઉર્મિલાબેનના નિવૃત્તિ વિદાય શુભેચ્છા સમારંભને તો શ્રી શશીકાન્તભાઈએ ચાર ચાંદ લગાવી પાછી સ્નેહની ગંગા વહાવી હતી. જે અધિકારીઓ, કર્મચારીઓ સાથે કર્મયોગ કર્યો હતો. તેને સગાં-સબંધીને ભાવથી નોતર્યા. પોતે નાચ્યા અને સૌને નચાવ્યા હતા. શશીકાન્તભાઈને બાળપણના ગોઠિયા પણ કેવા મજાના મળ્યા. શ્રી નાથાભાઈ કિયાડા, નટુભાઈ સોરઠિયા, હિતેશભાઈ કોટક અને જયંતિભાઈ ચાવડા આજે પણ સુખ-દુઃખમાં હરહંમેશ સાથે રહે છે. લઘુબંધુ જયપ્રકાશ અને તેનો પરિવાર ઉપરાંત ત્રિવેદી પરિવાર અને સાસરિયા પક્ષના દવે પરિવારમાં તેઓએ સૌને પ્રેમ આપી, પ્રેમ પ્રાપ્ત કર્યો છે.

પોતે ઘસાઈને બીજાને ઉજળા કરવાની અને અન્યના દુઃખ-દર્દને દૂર કરવામાં પોતાના દર્દને ભૂલી જતાં શશીકાન્તભાઈને ડિસેમ્બર- ૨૦૧૧માં ફરીવાર હૃદયની જીવલેણ તકલીફ થઈ. સાજા થયાંને પાછાં સેવાની ધુણી ધખાવી દોડવા માંડ્યા હતા.

હું ભાવનગર ગુજરાત સરકારના જળ સિંચન વિભાગમાં ટ્રેસરના હોદ્દા ઉપર ફરજ બજાવતો હતો. ૧૯૮૭માં દુષ્કાળને લીધે મારો વિભાગ બંધ થયો. રાજકોટ બદલી થઈ. બધું અજાણ્યું પણ અજાણી વાટે મિત્રો મળ્યાં. સ્વ. છગનભાઈ પાલડિયા, હિતેશભાઈ કોટક અને કાચના વાસણ કરતાંય જેનું દિલ કોમળ હતું. ભેરું, મારા જેવા સુદામાના કૃષ્ણસમા શશીકાંતભાઈ ત્રિવેદી.

રાજકોટ બહુમાળી ભવનમાં ક્ષાર અંકુશ પેટા વિભાગમાં અમે મિત્રો પરિવારની જેમ કામ કરતા હતા. હું અને મારો પરિવાર ત્રણ વર્ષ ભાડાના મકાનમાં રહ્યો હતો. પણ વર્ષ ૧૯૯૦માં અમે હિંમત કરી એચ. જે. સ્ટીલ પાસે ગુજરાત હાઉસીંગ બોર્ડના ફલેટમાં ફલેટ ખરીદ્યો. મિત્ર શશીકાન્તભાઈ ભાવથી મિત્રો સાથે ગાયત્રી યજ્ઞ કરવા આવ્યા હતા. વિમલનગરના નિવાસે પણએમણે જ ગાયત્રી યજ્ઞ કરી અમને ગૃહપ્રદેશ કરાવ્યો હતો. પછી તો મિત્રતાની યાત્રા વધુને વધુ મધુર બનતી ગઈ. તેમના મિત્રો નાથાલભાઈ કિયાડા, નટુભાઈ સોરઠિયા અને જયંતિભાઈ ચાવડા મારા પણ મિત્રો બની ગયાં.

અમારી કચેરીમાં દર બુધવારે સાંજે ૬.૩૦થી ૮.૦૦ વાગ્યા સુધી સાહિત્યિક સંસ્થા અભિવ્યક્તિ પરિવારમાં મિત્રો મળતાં અને શશીકાંતભાઈ સરસ ગીતો રજૂ કરતાં હતા. જ્યારે પણ સરકારના સ્પ્રીડિંગ ચેનલ બંધારા, ટાઈટલ રેગ્યુલેટર, ચેકડેમના ખાત મુહૂર્તને જળ સંપતિ દિનના સામારંભો હોય, ત્યારે હું સંચાલન કરું. પણ સૌ પ્રથમ તો શશીકાંતભાઈ ત્રિવેદીની સુંદર ભાવવાહી પ્રાર્થનાથી જ સમારંભનો પ્રારંભ કરાવું.

આકાશવાણી, દૂરદર્શન- રાજકોટના કાર્યક્રમોમાં અમે સાથે જ હોઈએ. એમના અવાજ વિના, ગીત વિના બધું અધુરું લાગતું હતું. એમને ગાવા ગમતા ગીતોમાં ગની દહીંવાલાની ગઝલ 'દિવસો જુદાઈના જાય છે...' તો સી.એન. પાલડીયા 'શ્રીકાંત'ની ગઝલ 'વરસી રહી છે, વાદળી મારં જ ઘર મહીં.' ફિલ્મી ગીતમાં 'જુમતી ચલી હવા યાદ આ ગયા કોઈ..' અને અનેક ભક્તિ તેમજ પ્રાર્થના ગીતો તો તેઓ હંમેશા ભાવવિભોર થઈ ખૂબ જ ભાવવાહી શૈલીમાં રજૂ કરતા હતા. તેમને વાંસળી વગાડવાનો ભારે શોખ હતો. વાંસળી વગાડતાં મેં તેમને સાંભળ્યા છે. દયાળુ, અતિલાગણીશીલ, પ્રેમાળ, પરગજુપણાની ભાવના ધરાવતા શશીકાન્તભાઈ અમીર દિલના માલિક પોતે પાછળ રહી અન્યને કેમ ઉજળા કરી બતાવવા તે તો તેમને જ આવડતું હતું. ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળની સહકારી મંડળીના સભ્યોના તેજસ્વી સંતાનોના વિદ્યા સત્કાર સમારંભમાં સદાય સાથે, મંડળીની કેન્ટીન શરૂ કરેલી. તેમાંય રિસેશના સમયમાં સાથે કામ કરતા હતા.

વર્ષ ૨૦૦૦માં શશીકાન્તભાઈને એક નહીં પણ પાંચ એટેક આવ્યા હતાં. મા ગાયત્રીના તેમજ તેમના મા-બાપના આર્શીવાદથી તેમના ધર્મપત્ની ઉર્મિલાબેન અને સંતાનોની ભક્તિથી તેઓ ઉગરી ગયા અને ફરી પાછાં બાર વર્ષ સુધી કંઈકને ઉગાર્યા. તેઓ તન,મનથી તો હર હંમેશ મારી સાથે હતાં જ પણ ધનથીય સાથે હતાં. ઓફિસની અમારી મંડળીમાંથી મને જરૂર પડી છે ત્યારે તેમના નામની લોન લઈ મેં મારી જરૂરિયાતો પૂરી કરી છે. મારા પુત્રો ગુંજન, રવિની સગાઈ, લગ્નનાં પ્રસંગમાં સંપૂર્ણ રીતે તેઓ અને તેમનો પરિવાર અમારા પરિવાર સાથે રહ્યો છે. ૨૦૦૧માં અમે નાના એવા ફલેટમાં રહેતા હતા. ભૂકંપ આવ્યો મિત્ર શશીકાંતભાઈએ એમને પોતાને નિવાસે ત્રણ-ચાર દિવસ આશરો આપી હિંમત બંધાવી હતી. એ ક્ષણો જ્યારે હું યાદ કરું છું. ત્યારે શશીકાન્તભાઈને હું મનોમન વંદન કરી લઉં છું. અમારા ફલેટમાં ગાયત્રી, દીપ યજ્ઞ અને સત્યનારાયણની કથા શશીકાન્તભાઈ જ કરી અમને કોઈ અપેક્ષા કે સ્વાર્થ વિના આર્શીવાદ આપ્યા હતા.

ત્રણ વર્ષ પૂર્વે એકાએક મારી તબિયત લથડી. મેં નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. વર્ગમાં ભણાવતો હતો, તે પણ બંધ થયું હતું. પુત્ર રવિના લગ્ન હતા. આઠ દિવસ પહેલાં રાંદલ માતાનો પ્રસંગ હતો. પ્રસાદ લીધા પછી મારાં સરસ્વતી કક્ષમાં આવી મને રોકડ રકમ આપી કહ્યું હતું. 'ના, ન પાડશો. મિત્ર તરીકે મારી ફરજ છે, મારો પ્રેમ છે.' ક્યા ભવના આ ઋણાનુબંધ હશે? હું વારંવાર શશીકાન્તભાઈને કહેતો કે, અમે તમારું ઋણ કયારે ઉતારી શકશું? અને તેઓ જવાબ વાળતાં, બોલો માં. આ આપણી મિત્રતા છે!

માતા સરસ્વતી બેનની કુખે જન્મેલા શશીકાન્તભાઈએ માતાની સેવા કરી. તેમના ધર્મપત્ની ઉર્મિલાબેન સરસ્વતી મંદિરોમાં તન, મન અને ધનથી યોગદાન આપ્યું છે. તેનો હું સાક્ષી રહ્યો છું. દેવતાઓને ઈર્ષા આવે તેવો સુખી પરિવાર એટલે શશીકાન્તભાઈ ત્રિવેદીનો પરિવાર. તેમના પિતા બાલકૃષ્ણભાઈ પાસેથી કર્મનું સુંદર ઘડતર પ્રાપ્ત કરનારા શશીકાન્તભાઈ અને ઉર્મિલાબેન સુલક્ષણા સંતાનો પિયુષ, દેવાંગી અને શ્રદ્ધામાં તો સંસ્કાર સિંચ્યા છે. પણ પૌત્ર, પૌત્રી, દોહિત્રોના ઘડતરનો પાયો મજબૂત બનાવ્યો છે. પુત્રવધુ અલ્પાને દીકરીની માફક તેમજ જમાઈ પિયુષકુમાર અને વિપુલકુમારને પુત્રની જેમ વાત્સલ્ય પૂરું પાડનાર શશીકાન્તભાઈ ખરાં અર્થમાં શશીકાન્ત, જનક અને દશરથ જેવી ત્રેવડી ભૂમિકા ભજવી ગયા છે.

ઉપનિષદોમાં મૈત્રીની વાત છે. એક જ વૃક્ષ પર સમાન પાંખોવાળા બે જોડતાં પક્ષીઓ બેઠાં છે. એક છે જીવ, બીજો છે શિવ.

શશીકાંતભાઈનો જીવ શિવ બની ગયો છે. એ શિવ સતત ક્ષણે ક્ષણે આપણા સૌની સાથે છે એ શિવ શશીકાન્તભાઈને વંદન.

# લોગ જીને કી તગાદૌ મે હી મર જાતે હૈ

## વિચાર યાત્રા

- જય ઓઝા

ઘણા વખત પહેલાં એક સામયિકમાં હિન્દી કવિતા 'વિદેહ'નો ભાવાનુવાદ વાંચ્યો હતો.

નાયક સાંજે ઘરે પહોંચે ત્યારે પત્ની ચાનું ન પૂછે, બાળકો રૂમમાં વાંચવામાં મશગૂલ હોય, નોકર બેપરવાહીથી ઝાડું મારતો હોય, બધા એમ વર્તતા હતા કે હું છું જ નહિ, પછી મને મારા માટે પણ વહેમ આવવા લાગ્યો.

હું મને જ પૂછવા લાગ્યો કે આજે મારો દેહ કયાં ગયો? રેડિયો ચલાવવાની ઈચ્છા કરી તો હાથ ગાયબ. ઘણું અજાયબ થઈ ગયું. બોલવા ગયો તો મોઢું જ ન હતું. દૃષ્ટિ હતી પણ આંખો ન હતી. વિચાર આવતા રહેતા પણ માથુ ગેરહાજર. હું મારામાં ખોવાઈ ગયેલા અસ્તિત્વને શોધવા લાગ્યો.

પછી ધીરે ધીરે ખબર પડી કે માથું કેમ નથી એનું કારણ સમજાયું. માથું તો ઓફિસમાં મૂકીને આવ્યો હતો. તો પછી હાથ કયાં ગયા? હાથ તો બસમાં જ ટીંગાતા રહી ગયા હતા. આંખો તો ફાઈલમાં અટવાઈ ગઈ હતી, અને કહો ન કહો પણ પગ તો કયૂમાં જ રહી ગયા હતા.

જો મને હાથ, પગ, મોઢું, આંખ ન હોય તો મારા ઘરના માણસો મને ઓળખે કઈ રીતે?

હું આજે મારા જ ઘરમાં વિદેહ થઈને પાછો આવ્યો છું.

આજે આપણે કામમાં એટલા બધા ગળાડૂબ બની ગયા છીએ કે ઉપર વર્ણવ્યા જેવી જ આપણી હાલત થઈ ગઈ છે. જીવનમાં રસ કસ કશો રહ્યો નથી. આપણને પણ ખબર નથી કે આપણે રોબોટ જેવા થઈ ગયા છીએ. જીવનને રૂટિન બનાવી દીધું. વર્કોહોલિક થઈ ગયા. સવારે ઊઠીને પ્રાતઃવિધિ પતાવી ફટાફટ ચા નાસ્તો કરીને ઓફિસ માટે નીકળી જવાનું, આખો દિવસ નર્યા દંભી માણસો સાથે પોતે પણ દંભ કરી પરાણે ચોકઠું હસતું રાખવાનું. સાંજે પાછું ઘરે આવીને જમવાનું અને સૂઈ જવાનું તે વહેલી પડે સવાર.

'રાબેતા મુજબ'નું જીવન જીવતા થઈ ગયા છીએ, જીવન જયારે રૂટિન બની જાય ત્યારે નરી વેઠ બની જાય છે. નાની નાની વસ્તુમાં આનંદ આવતો નથી.

સવારના પહોરમાં શાંતિથી ચા પીવાની ચાહ ન રહે, આરામ ખુરશી પર બેઠા બેઠા છાપાના પાના પર વિહંગાવલોકન કરી છાપું બાજુ પર મૂકી દઈએ, સ્નાન કરતી વખતે ગંગે ચ યમુને...શ્લોક બોલતા બે ડબલા રેડી અડધા કોરા જ બહાર નીકળીએ, ભોજનને જયારે આપણે માત્ર પેટને ભાડું ચૂકવવા માટેની પ્રક્રિયા ગણીએ જયારે આપણે માત્ર કેમ છો? તમે મજામાં હશો-અમે મજામાં છીએ પૂરતા જ સંવાદ કરતા થઈ જઈએ ત્યારે સમજવું કે તમે ગંભીર બિમારીના શિકાર થઈ રહ્યા છો.

**અપને દફતર સે નિકલતે હૈ તો ઘર જાતે હૈ,**
**લોગ જીને કી તગાદૌ મેં હી ઘર જાતે હૈ**

**- શફીક મુન્નવર**

કુદરતની કરામત-સવારનો કૂમળો તડકો, પક્ષીઓનો કલરવ, ખિસકોલીની ઝાડ પર ચડ-ઉતર, બપૈયાનું ઘું-ઘું, તમારા બગીચામાં ઊગેલું ગુલાબ, મોગરાની સુંગંધ, રાતરાણીની સુગંધ આ બધું તમે છેલ્લે કયારે જોયું તું? માણ્યું'તું? યાદ નથી આવતું ને? તો આ ખતરાની ઘંટી છે. કરોડો વર્ષથી ઊગતા અને આથમતા સૂર્યને આપણે 'રૂટિન' બનાવી દીધો છે, અને પાછા આબુમાં સનસેટ જોવા જઈએ છીએ. ચંદ્રની વધતી-ઘટકતી કળાઓની નોંધ લેવાનું આપણે લગભગ છોડી દીધું છે પણ શરદપૂનમને દિવસે છાકટા બનીને ગરબે ઘૂમશું, દૂધ-પૌંઆ ગળચશું. ખરા અર્થમાં શારદીય ઉત્સવ કયારે ઊજવી શકીશું તે સવાલ છે.

આપણે દરેક કામ અધકચરા જ કરીએ છીએ, પૂરતા આનંદ સાથે નથી કરતા, કરવા ખાતર કરીએ છીએ, મન લગાવ્યા વગર કરીએ એટલે તેમાં કોઈ સાર ન આવે, ઉત્સાહ નથી હોતો આપણામાં, જવાબદારીઓનો બોજ વૈંઢારતા આપણે આપણી જાતને જ ડફણા મારીએ છીએ.

એક પુસ્તકમાં વાંચ્યું હતું કે જીવનમાં આજની તાજી કૂંપળ, કાલનું લીલુંછમ પાંદડું, અને પરમ દિવસે સૂકું પાંદડું બની જાય છે, આજની મુગ્ધતા, આવતીકાલની સમજદારી, પરમ દિવસની પરિપકવતા અને પછીના દિવસનું રીઢાપણું બની શકે છે, પણ આપણે આજની મુગ્ધતા ટકાવી રાખવાની છે.

આપણને જે સમુદ્રકિનારે જવાનું કે માથેરાનની વાદીઓનું આકર્ષણ હોય ત્યાં અઠવાડિયું રહ્યા પછી ધીમે ધીમે, આપણે ઊબાઈ જઈએ છીએ, મનુષ્યનું મન અને દૃષ્ટિ જ આ બધું સર્જવા માટે જવાબદાર છે, મનઃ એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ આપણે જો આપણા મનમાં વિસ્મયભાવ ટકાવી રાખીએ તો દરેક ફૂલ પ્રતિદિન નવા રૂપે, રંગે, સુગંધે દેખાશે, સૂર્યમાંથી ફકત વિટામીન ડી જ નહીં પણ અખૂટ શકિત પામી શકીશું અને પછી તો પૂનમની શીળી ટાઢક મળી જ સમજો.

કેટલાક માણસો જીવતે જીવત મૃત્યુ પામેલા હોય તેવા લાગે છે, કારણ કે તેમને માટે જિંદગી એ રૂટિનનો પર્યાયવાચી શબ્દ છે. જીવનને ક્ષણે ક્ષણે માણવા માટે તેને 'રાબેતા મુજબ'નું બનતા અટકાવીએ, નાના નાના પ્રસંગોમાંથી આનંદ મેળવતા જઈએ.

# સેવાની સુગંધ ફેલાવતી મોટા ઈસનપુરની એમ.બી. પટેલ સાર્વજનિક હોસ્પિટલ

# 'સચોટ નિદાન-ઉત્તમ સારવાર અને સસ્તી સેવા' હોસ્પિટલનો ધ્યેય છે

## હાલમાં રજતજયંતિ વર્ષની ઉજવણી

## સંસ્થા પરિચય

છેલ્લા ૨૫ વર્ષથી ગાંધીનગરથી ૧૫ કિ.મી. દૂર ચિલોડા પાસેના મોટા ઈસનપુર ગામે ૧૯૮૭થી સેવાની સુગંધ મફતલાલ બાબુદાસ પટેલ સાર્વજનિક હોસ્પિટલ આજુ બાજુના ગામોના હજારો દર્દીઓ માટે આર્શિવાદરૂપ બનેલ આ હોસ્પિટલમાં સેવા-સમર્પણ-સાદગી નમ્ર નિખાલસતાને વરેલા ડોકટર તથા નર્સ તેમજ વહીવટી સ્ટાફ આવતા જતા દર્દીઓ ઉપર સારી છાપ ઉભી કરે છે.

આંખ, દાંત, કાન, નાક, ગળા, ચામડી, બાળરોગ, સ્ત્રી રોગ, હૃદય રોગ જેવા દરેક રોગને લગતી સેવા દર્દીઓને રાહતભાવે નહીં નફો નહીં નુકશાનના ધોરણે તપાસ, નિદાન તથા ઓપરેશનનો ખર્ચ ટ્રસ્ટ ઉપાડે છે. ગરીબ, બીપીએલ કાર્ડ ધારકને સરકારી નિયમ મુજબ મફત ઓપરેશન દવા તથા રહેવા જમવાની વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.

આજ દિન સુધીમાં માત્ર મોતિયાના તેમજ બીજા રોગના ઓપરશન કરી ગરીબ દર્દીઓને નવો ઉજાસ પુરો પાડેલ છે જેનો યશ આ હોસ્પિટલના ટ્રસ્ટીઓ તથા ડૉ. હસમુખ પાટીલનો માયાળુ મૃદુ સ્વભાવ છે તથા ડૉ. ઉદય પટેલની હાથની કરામતથી ફટાફટ દર્દીઓની આંખમાં લેન્સ નાખી નવી દૃષ્ટિ આપે છે.

સ્ત્રીઓની પ્રસુતિ માટે ગામથી દૂર જવું ના પડે તથા છેલ્લી ઘડીએ અઘટીત બનાવ બને નહીં તે માટે માનવીય ઉમદા ધોરણોથી પ્રસુતા વિભાગમાં ડૉ. જલ્પેશ રોજેશરા કાયમી સેવા પુરી પાડે છે હજાર સ્ત્રીઓનો જીવ બચાવનાર તથા બાળકોને દુનિયાના દર્શન કરાવવાનો યશ ડૉ. જલ્પેશ રોજેશરા તથા ડૉ. હેતલ ચૌધરીને જાય છે જનરલ સર્જરીમાં ડૉ. હેતનો જોટો જડે તેમ નથી.

દર્દીના તથા સગાવહાલાને જમવા માટે દર્દીઓ સાથેના સગાને નિઃશુલ્ક તથા અન્ય મુલાકાતીઓ માટે રાહત દરે અન્નપૂર્ણા ક્ષેત્રમાં ભરપેટ ભોજન મળી રહે તેવી પણ વ્યવસ્થા ટ્રસ્ટી મંડળ મારફતે કરવામાં આવેલ છે.

માનદ મંત્રી તરીકે નિશુલ્ક સેવા ઉભા પગે પુરી પાડનાર શ્રી રામચંદ્રભાઈ પટેલ સેવાના આ યજ્ઞમાં પોતાના સમયદાનની આહુતી આપી હોસ્પિટલને પ્રજવલીત કરે છે જે પ્રસંશનીય છે.

ઓપરેશન કરાવનાર દર્દીને રાહતદરે બજાર કરતા ૩૦ ટકા ઓછી કિંમતને દવા ટ્રસ્ટ દ્વારા પૂરી પાડવામાં આવે છે તથા ગરીબ દર્દીને આ સેવાનો લાભ નિશુલ્ક મળી રહે તેવી વ્યવસ્થા ટ્રસ્ટ મંડળ તરફથી કરવામાં આવે છે. જેનો લાભ આજુબાજુના ગામડાની ગરીબ પ્રજા આર્શીવાદ આપતા, દુઆ આપતા મંડળ તરફ આભારની લાગણી દર્શાવી લે છે.

ટૂંક સમયમાં મંડળ દ્વારા કિડની ડાયાલીસીસ યુનિટની સ્થાપના કરવામાં આવનાર છે જેથી મોંઘી ટ્રીટમેન્ટ રાહત દરે કિડનીની સમસ્યાવાળા દર્દીઓને આપી શકાય.

હોસ્પિટલના ટ્રસ્ટી મંડળ દ્વારા અવારનવાર આંખ, નાક, કાન, ગળાના, સ્ત્રીઓને લગતા તકલીફોના નિવારણ માટે નિશુલ્ક તપાસ કેમ્પ યોજવામાં આવે છે. રકતદાન, ચક્ષુદાન તથા કિડની, લીવરના અંગોના દાન માટે સમાજમાં જાગૃતતા ફેલાવવાનું ઉમદા કાર્ય કરવામાં આવે છે. આજુબાજુના ગામોના દર્દીઓને નિઃશુલ્ક એમ્બ્યુલન્સ સેવા પણ પૂરી પાડવામાં આવે છે.

છેવાડાના ગામડામાં થ્રી સ્ટાર હોટલને ટકકર મારે તેવી આધુનિક હોસ્પિટલનું સ્વપ્ન મૂર્તિમંત કરવા માટે મણીલાલ બાબુદાસ પટેલ શ્રીમતી દિનાબેન કનુભાઈ પટેલ, શ્રીમતી કુસુમબેન જયંતિભાઈ પટેલ તેમજ સવિતાબેન ગોવિંદભાઈ પટેલ તથા શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ જેવા આગેવાનોએ છૂટા હાથે આપેલ દાનથી સેવાના આ મહાયજ્ઞને પ્રજવલીત કરી તેનો ઉજાસ સમાજને મળી રહે તેવા અથાક પ્રયત્નો દાતાશ્રીઓ તથા ટ્રસ્ટી મંડળ દ્વારા કરવામાં આવી રહ્યા છે તથા સાંસદશ્રી હરિનભાઈ પાઠકે પણ પોતાની ગ્રાન્ટમાં આ સદ્‌કાર્ય માટે આપેલ છે. દાતાઓમાંથી ઘણા પરિવારો વિદેશ સ્થાઈ થયા છે. પિતૃગામનું ઋણ ચુકવવા સદા તત્પરતા દાખવી અવિરત દાનનો પ્રવાહ વહેવડાવે છે અને આર્થિક સંકડામણથી સેવાના ઉમદા કાર્ય અટકી ના પડે તેની તકેદારી રાખે છે.

સચોટ-નિદાન-ઉત્તમ સારવાર અને સસ્તી સેવાના ધ્યેયને વરેલ મોટા ઈસનપુરની આ હોસ્પિટલ અજોડ છે, ઉદાહરણ રૂપ છે. તાજેતરમાં જ આ હોસ્પિટલ સેવાયજ્ઞનો રજતજયંતિ મહોત્સવ ઉજવી નવા સંકલ્પો, નવી દિશામાં આગેકૂચ કરી સમાજને નિરોગી, નિરામય બનાવવાના ભીગરથ કાર્યના સંકલ્પને હકિકતમાં ફેરવવા તત્પર છે.

આ સેવા યજ્ઞમાં પૂર્ણકાલીન સમય માટે ડૉ. હેતલ ચૌધરી, ડૉ. રોનક પટેલ, ડૉ. જયેશ રોજેશરા, ડૉ. મનીષાબેન દરજી, ડૉ. કૃણાલભાઈ પટેલ તથા ડૉ. હસમુખ પાટીલ સેવાઓની આહુતી આપે છે. જયારે માનદ સેવા આપી ડૉ. દીપેશ શાહ, ડૉ. અલ્પેશ પટેલ, ડૉ. વિરલભાઈ, ડૉ. રૂપેશભાઈ, ડૉ. ગીરીશભાઈ શાહ, ડૉ. ભાવિન ભટ્ટ, ડૉ. ઘનશ્યામ ચૌહાણ, ડૉ. રમણભાઈ પટેલ, ડૉ. કલ્પેશભાઈ, ડૉ. ઉદયભાઈ તથા ડૉ. મહેતા જેવા ખ્યાતિપ્રાપ્ત નામના ધરાવતા ડોકટરોની સાથે હોસ્પિટલમાં ૪૫ જેટલા કર્મચારીઓ અવિરત સેવા પૂરી પાડી સેવા જયોત પ્રજવલીત કરતા રહે છે.

**- અશ્વિન ત્રિવેદી**